# ઓફિસ ઓફ પ્રિવેન્શન

## ઓફિસ ઓફ પ્રિવેન્શન શું છે?

ધી ઓફિસ ઓફ પ્રિવેન્શન (OOP) NJ ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન સર્વિસીસ (DHS) દ્વારા લાઇસન્સ પ્રાપ્ત સમુદાય-આધારિત ઘરોમાં રહેતા બૌદ્ધિક અને વિકાસલક્ષી વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓનું રક્ષણ કરવામાં મદદ કરે છે. તેની રચના 2023 માં બે અગાઉની ટીમોને જોડીને કરવામાં આવી હતી: ફિલ્ડ સેફ્ટી એન્ડ સર્વિસીસ યુનિટ (FSSU) અને રિસર્ચ એન્ડ પ્રિવેન્શન યુનિટ.

OOP નો ઉદ્દેશ્ય દુરુપયોગ, ઉપેક્ષા અને શોષણ થાય તે પહેલાં જ અટકાવવાનો છે - જોખમો ઓળખીને, સ્ટીફન કોમ્નિનોસ લો અનુસાર જરૂરી અઘોષિત સ્થળ મુલાકાતો કરીને, અને સલામતી અને સંભાળની ગુણવત્તા સુધારવા માટે પ્રદાતા એજન્સીઓ સાથે કામ કરીને.

## અઘોષિત સાઇટ મુલાકાતો શું છે?

FSSU સ્ટાફ દર વર્ષે ઓછામાં ઓછી બે વાર દરેક DHS-લાયસન્સ પ્રાપ્ત ઘરની અઘોષિત મુલાકાત લે છે. આ મુલાકાતો લાઇસન્સિંગ માટે તપાસો નથી, પરંતુ વ્યક્તિઓ કેવી રીતે કાર્ય કરી રહ્યા છે અને કોઇ સલામતીની ચિંતાઓ છે કે કેમ તેની સક્રિય સમીક્ષાઓ છે.

મુલાકાતો આના પર ધ્યાન કેન્દ્રિત કરે છે:

- દુરુપયોગ, ઉપેક્ષા અથવા શોષણનો કોઈપણ સંકેત
- ઘરની સ્વચ્છતા અને સલામતી
- સ્ટાફની ક્રિયાપ્રતિક્રિયા અને સપોર્ટ
- દવા અને તબીબી સાધનોનો ઉપયોગ
- તબીબી સંભાળ અને ફોલો-અપ
- સર્વિસ પ્લાનનું પાલન
- ખોરાક પુરવઠો અને આહાર
- વ્યક્તિઓની એકંદર સુખાકારી

## મુલાકાત પહેલાં શું થાય છે?

FSSU આગમન પહેલા માહિતીની કાળજીપૂર્વક સમીક્ષા કરે છે:

- પ્રોગ્રામ રિવ્યૂ: ભૂતકાળની મહત્વપૂર્ણ ઘટનાઓ, લાઇસન્સિંગ રિપોર્ટ્સ અને ભૂતકાળના FSSU તારણો પર નજર નાખે છે.
- ઇન્ડીવિજ્યુઅલ રિવ્યૂ: વ્યક્તિની અનન્ય જરૂરિયાતોને સમજવા માટે ઇન્ડીવિજ્યુઅલ સર્વિસ પ્લાન (ISP), આરોગ્ય રેકોર્ડ્સ, સહાયક સંયોજક નોંધો અને વર્તન યોજનાઓ જુએ છે.

## મુલાકાત દરમિયાન શું થાય છે?

FSSU સ્ટાફ ઘરમાં ફરે છે, પરિસ્થિતિનું અવલોકન કરે છે અને રહેવાસીઓ અને સ્ટાફ સાથે વાત કરે છે. તેઓ દરેક વ્યક્તિને કેવી રીતે ટેકો મળી રહ્યો છે તેનું મૂલ્યાંકન કરે છે અને ચોક્કસ ક્ષેત્રોને જુએ છે જેમ કે:

- આરોગ્ય અને તબીબી દેખરેખ
- આહાર અને પોષણ
- વર્તણૂક સપોર્ટ અને સ્ટાફ પ્રતિભાવો
- વ્યક્તિગત સામાન અને નાણાંકીય સહાયની પહોંચ
- ભાવનાત્મક અને શારીરિક સુખાકારી
- દેખરેખ અને સલામતી

ચિંતાઓને 1 (કોઈ ચિંતા નથી) થી 3 (ગંભીર ચિંતા) ના સ્કેલ પર ક્રમાંકિત કરવામાં આવે છે. જો કોઈ બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય તો પ્રદાતાઓને જાણ કરવામાં આવે છે.

## મુલાકાત બાદ શું થાય છે?

- પ્રદાતાઓને તારણોનો લેખિત સારાંશ મળે છે.
- જો સમસ્યાઓ ગંભીર હોય, તો ફોન અથવા ઇમેઇલ દ્વારા તુરંત જ ફોલો-અપ થઈ શકે છે.
- જ્યારે જરૂર પડે, ત્યારે યોગ્ય ફોલો-અપ થાય તેની ખાતરી કરવા માટે ઘટના રિપોર્ટ સબમિટ કરવામાં આવે છે.
- જો ફોલો-અપની જરૂર હોય તો પ્રદાતાઓએ એક અઠવાડિયાની અંદર જવાબ આપવો આવશ્યક છે.
- વધુ કાર્યવાહી માટે વારંવાર આવતા મુદ્દાઓ લાઇસન્સિંગ કાર્યાલય સાથે શેર કરી શકાય છે.

ધી ઓફિસ ઓફ પ્રોગ્રામ ઇન્ટિગ્રીટી એન્ડ એકાઉન્ટેબિલિટી (OPIA), ધી ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન સર્વિસિસ (DHS) ની અંદરના અન્ય વિભાગો અને પ્રતિષ્ઠિત બાહ્ય સંશોધન સ્ત્રોતોમાંથી ડેટાનો ધી ઓફિસ ઓફ પ્રિવેન્શન ઉપયોગ કરે છે જેથી પ્રણાલીગત સુધારાઓને સમર્થન આપતી ભલામણોની જાણ કરી શકાય. શક્ય હોય ત્યારે, દુરુપયોગ, ઉપેક્ષા અને અન્ય પ્રતિકૂળ ઘટનાઓને રોકવા અથવા ઘટાડવા માટે ઓફિસ સક્રિયપણે વ્યૂહરચનાઓને ઓળખે છે અને પ્રોત્સાહન આપે છે.

વ્યાપક સમીક્ષાઓ દ્વારા, રિસર્ચ એન્ડ પ્રિવેન્શન ટીમ ઉભરતી સમસ્યાઓ અને પેટર્નને ઓળખે છે. આ તારણોના આધારે, તેઓ સંભાળની ગુણવત્તામાં વધારો કરવામાં ટેકો આપવા માટે સંબંધિત સંસ્થાઓને લક્ષિત ભલામણો પૂરી પાડે છે.

આ ઓફિસ શૈક્ષણિક ન્યૂઝલેટર્સ પણ વિકસાવે છે જે જોખમ ઘટાડવા અને સલામતીને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત વ્યવહારુ સંસાધનો પૂરાં પાડે છે. વિષયોમાં ડાયરેક્ટ સપોર્ટ પ્રોફેશનલ્સ (DSPs) ની ભરતી અને ઇન્ટરવ્યુ લેવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓ, શોષણ અટકાવવા અને વધુનો સમાવેશ થાય છે.

તમે સૌથી તાજેતરના ન્યૂઝલેટર્સ અહીં જોઈ શકો છો.